
# પૂ. ગુરુદેવની સ્મૃતિથી સર્જન

☐ લે. શ્રી કીર્તિલાલ હાલચંદ વોરા, (ગાંધીધામ - કચ્છ.)

[વર્તમાન કાળમાં, શ્રી સંઘના ચારે અંગોમાં ઓછા-વધતા અંશે પ્રવર્તતી 'સુખશીલતા'ની વૃત્તિ કે આવી વૃત્તિની કારણભૂત મનોદશા કે પ્રવૃત્તિ ઈચ્છનીય કે આવકાર્ય વાસ્તવિકતા નથી. આ 'અવાસ્તવિક' પરિસ્થિતિ પ્રદૂષણ બને તે પહેલાં, સમસ્ત શ્રી સંઘે વાસ્તવિકતા અને શાસ્ત્રકથિત આચરણાના મૂલ્યોનુ પુન: પ્રત્યક્ષીકરણ કરવું અનિવાર્ય છે.

સ્વ. પૂજ્યપાદ ગુરુદેવે તેમના યુગમાં શ્રી સંઘમાં પ્રવર્તતી શિથિલતાના નિવારણની મંગલેચ્છાથી જ "ક્રિયોદ્ધાર" કરી શ્રી સંઘના તે સમયના જર્જરીત કલેવરનો કાયાકલ્પ કર્યો હતો. આ કાયા-કલ્પની પ્રક્રિયાની પુન: પ્રતિષ્ઠાની આજના શ્રી સંઘને પ્રકર્ષ આવશ્યકતા છે. આ શ્રેયકારક સત્યના પુનરુચ્ચારણ અને પુન: આલેખન દ્વારા પરિણતીયુકત પ્રવૃત્તિની અનિવાર્ય આવશ્યકતા પ્રતિ, ભાવનાશીલ લેખકે સવિશેષ રૂપે ધ્યાનાકર્ષણ કર્યું છે, જે આવકાર્ય છે. સંપાદક ]



મને ગૌરવ છે કે, હું જૈન 'કુળ'માં જન્મ્યો છું. મને ગૌરવ છે કે, હું ત્રિસ્તુતિક છું અને મને ગૌરવ છે કે, મારા ગુરુદેવ સ્વ. પૂ. આ. દે. શ્રી વિ. યતીન્દ્ર સૂ. મ. હતાં.

પ્રાત:સ્મરણીય પ્રભુ શ્રી. વિ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ. કે, જેઓશ્રીનો જન્મ આજથી ૧૫૦ વર્ષ પૂર્વે થયો હતો, તેઓશ્રી મારા ગુરુદેવના પૂ. ગુરુદેવ હતા.

સ્વ. પૂ. ગુરૂદેવેશની ૧૫૦મી જન્મ–સંવત્સરીના શુભ પ્રસંગે પૂ. ગુરુદેવ દ્વારા સસ્થાપિત અ. ભા. શ્રી રાજેન્દ્ર જૈન નવયુવક પરિષદ દ્વારા પ્રકાશીત થનાર "શ્રી રાજેન્દ્ર જ્યોતિ" નામના સ્મારક ગ્રન્થ માટે સ્વ. પૂ. ગુરુદેવેશને શ્રદ્ધાંજલિ રૂપ એક કૃતિ માટે આમંત્રણ આવ્યું ત્યારે, મને મૂંઝવણ થઈ કે, મારા પૂ. ગુરુદેવના પરમ ઉપકારી પૂ. ગુરુદેવેશના વિષે એમના અનેક શિષ્યોમાંનો એક, હું, શું લખું? અનેક શંકા-આશંકાઓ વચ્ચે પણ મનમાં એક ભાવના બળવત્તર બનવા લાગી કે, પૂ. ગુરુદેવેશ કે જેઓશ્રીએ મને જિનેશ્વર ભગવંતના ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે એના કારણે મારા પર તે પૂજ્યશ્રીનું જે અથાક્ ઋણ છે તે ઋણ કિંચિતરૂપે અદા કરવાનો આ અવસર છે. આ ભાવનાથી સ્વ. પૂ. ગુરુદેવેશને આ સ્મૃત્યાંજલિ સમર્પિત કરવાનો મારો નમ્ર ભાવ છે–પ્રયાસ છે.

ત્રિસ્તુતિક સમાજ પ્રતિ આસ્થા અને નિષ્ઠા ધરાવનારાઓ આજે મુખ્યત્વે, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ગુજરાતના થરાદ વિસ્તારમાં વસે છે. આ પ્રદેશોની પ્રજા વ્યવસાયાર્થે મુંબઈ, મદ્રાસ, કલકત્તા, અમદાવાદ, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર, બંગાલ બધે જ ઓછી વધતી સંખ્યામાં વસેલા છે. આ સ્થળોમાં સ્વ. પૂ. ગુરુદેવેશની સ્મૃતિની ઝાંખી કરાવતા અનેક સ્મારકો તથા ધર્મસ્થાનો છે. છતાં એ વાત અફસોજનક છે કે, સદ્ગુરુદેવનો આપણને યોગ મળ્યો છતાં એ પૂ. ગુરુદેવેશના ઉપકારક ઉપદેશોને આપણે યથાર્થ-રૂપે આચરણમાં અનુસરતા નથી.

આજે, વાતાવરણ વિજ્ઞાનયુગનું છે. સર્વત્ર વિજ્ઞાનની 'હવા' ઠસોઠસ ભરાવા લાગી છે. આ વિજ્ઞાનની સવિશેષ જાણકારી આજથી ૧૦૦ વર્ષ પહેલાં સ્વ. પૂ. ગુરુદેવેશ શ્રી. વિ. રાજેન્દ્ર સૂ. મ. પાસે હતી. એમના અગાધ જ્ઞાનની સર્વાંગીણ સાક્ષી સમાન **"અભિધાન રાજેન્દ્ર કોષ"** જેવા મહાન ગ્રન્થો આપણી વચ્ચે મોજુદ છે. જેનો દુનિયાભરમાં ફેલાવો થયો છે. આજે પણ તેની માંગ ચાલુ હોવાથી જેના પુન:મુદ્રણની આવશ્યકતા ઊભી થઈ છે.

આવા અસીમ જ્ઞાની પૂ. ગુરુદેવેશનું જીવન કેવું હતું? આ પૂજ્ય પુરુષને પ્રાપ્ત થયેલી જીવન જીવવાની શ્રેયકારક કળાને આપણે આંશિક રૂપે પણ અનુસરીએ તો આપણા મનને ભ્રમિત કરતી સાંસારિક આધિ-વ્યાધિ કે ઉપાધી સંસારમાં રહેવા છતાં આપણા આચાર-વિચારને ભ્રમિત કે દૂષિત કરી શકે નહીં. આજના વિજ્ઞાનયુગમાં માનવની હાલત "સુએ તો 'સમાધી' અને ઊઠે તો 'ઉપાધી' જેવી છે." આજનો ઉપાધીગ્રસ્ત માનવ જાગૃત અવસ્થામાં એક પળ સમાધી એટલે કે આત્માની શાંતિ, આત્માનું એકાગ્રપણુ માણી શકતો નથી. આનું કારણ એ છે કે 'એ' દિન-પ્રતિદિન સંસારની માયાજાળમાં વધુ અને વધુ લપેટાતો જાય છે.

વિજ્ઞાન યુગનો વિકાસ થયો છે એમાં શંકા નથી પરંતુ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ વિકાસની સાથે સાથે વિનાશની શકયતાઓ અને વિકરાળતાઓ દિન પ્રતિદિન વધતી જ જાય છે. એક 'પુરાતન' પંકિત છે કે :

"ભગતજી વિચારે બેઠા, હાય, હવે શું થાશે ?
દુનિયા તો પલટાતી ચાલી, હાય, હવે શું થાશે ?
જૂનાં ગાડા છોડી લોકો ઊડે છે આકાશે
દરિયાને તળીયે જઈ મહાલે, મરતા ના અચકાશે,
હાય હવે શું થાશે ?"

આ પંકિતઓ તો આજે 'જૂની' થઈ ગઈ છે. આજે તો માનવી હવાઈ જહાજ કે દરિયાઈ જહાજથી પણ આગળ વધી અંતરીક્ષયાત્રા કરી ચંદ્ર ઉપર 'પહોંચ્યો' છે. અને સૂર્યને નાથવાના પ્રયત્નો કરી રહ્યો છે. આમ છતાં, મને થાય છે કે, હું ૧૮મી સદીમાં જન્મ્યો હોત તો 'સારું' હતું. આજની વિષમ કૃત્રિમતાઓથી અને વિજ્ઞાને પેદા કરેલી વિકારાળતા-ઓથી તો બચવા પામ્યો હોત. આજે તો કૃત્રિમ ખોરાક, કૃત્રિમ હવા, કૃત્રિમ પાણી, કૃત્રિમ કૃત્રિમ વાતો, કૃત્રિમ વહેવાર. કયાંય સચ્ચાઈનો રણકાર દેખાતો નથી. નિસર્ગનો નિજાનંદ નજરે પડતો નથી. જાણે કે માનવ આગળ વધવા માટે માનવ મટી દાનવ બનવા માંડયો છે. કયાંય "આપણાપણા"ની કે "સ્વ-સ્વભાવ સ્થિતિ" ની ભાવના કે પરિણતી શોધી જડતી નથી. જ્યાં જુઓ ત્યાં ફકત હું અને તમે, તારૂ અને મારૂં આગળ વધીને કહીએ તો 'મારૂં મારા બાપનું અને તમારામાં મારો ભાગ" જેવી દરેકની મનોદશા તથા પ્રવૃત્તિ છે.

આવી પરિસ્થિતિમાં સ્વ. પૂ. ગુરૂદેવેશના જીવનના અનેક પ્રસંગો સ્મરણપટ પર આવે છે. આ સર્વ પ્રસંગોનું સ્મરણ-લેખન કરું તો તો આ સ્મારક ગ્રન્થ પણ તેનાથી જ ભરાઈ જાય એટલે એક-બે પ્રસંગોનું આલેખન કરવું જ અહીં ઉચિત સમજું છું

આ પ્રસંગ છે મોહન ખેડાનો, સ્વ. પૂ. ગુરુદેવેશના જીવન કાળના અંતિમ દિવસોની આત્મ-સાધનાના અનુપમ અવસરનો. પોષ મહિનાની કડકડતી ઠંડીના અંધારીયા પક્ષના એ દિવસો હતા રાજગઢના ઉપાશ્રયમાં પૂજ્યશ્રી સ્થિરતા કરી રહ્યાં હતા. અનેક અનુયાયીઓ, અનુરાગીઓ તથા શ્રદ્ધાળુ સ્ત્રી-પુરુષો દૂર દૂરથી ગુરૂદેવેશને "શાતા પૂછવા" આવતા હતાં. દિવસે પણ પૂરું અજવાળું ન પહોંચે એવા આ ઉપાશ્રયમાં રાત્રે આવનાર કે જનાર એકબીજા, એકબીજા સામે અથડાતાં હતા. આ જોઈને કોઈકને થયું કે, એક નાનો દીવડો કયાંક મૂકીએ તો સગવડ રહે. આમ વિચારી એક કોડીયાનો દીવડો એક બાજુ મૂકવામાં આવ્યો કે જેની પૂ. ગુરૂદેવેશને જાણકારી પણ ન હતી. તેઓશ્રી તો આત્મ-સાધનામાં લીન હતાં. થોડો સમય પસાર થયો ત્યાં એક ભાઈ આવ્યા. આ ભાઈએ ઉપાશ્રયમાં દીવડો જોઈ કહ્યું કે:

"આજે તો અહીં એક કોડીયાનો દીવો મૂકવામાં આવ્યો છે કાલે તો કોઈ ઈલેકટ્રિક બત્તીઓ મૂકી દેશે."

ગુરૂદેવેશે આ સાંભળ્યું અને સાધુઓ અગ્નિકાયની હિંસા કરતો દીવો ન વાપરી શકે તેવો ઉપદેશ આપનાર તેઓશ્રીએ આ દીવો ત્યાંથી તુરત જ દૂર કરાવ્યો.

"હું માનું છું કે, જમાના પ્રમાણે આગળ વધો. પરંતુ જમાનાના આંધળા અનુચર ન બનો અને આડંબર દેખાડવા જીવહિંસા થાય એવી પ્રવૃત્તિ ન કરો. તો ગુરૂદેવેશના અનુયાયી થયાં સાર્થક." આ પ્રસંગથી પૂજ્યશ્રીમાં રહેલી સમતા તથા સાર-ગ્રહણની ભાવના સ્પષ્ટ દેખાઈ આવે છે. એક નાનો માણસ પણ સાચું કહે તો, એ સ્વીકારતાં તેમને આનંદ થતો.

આવો જ બીજો પ્રસંગ છે કે, "અકલમંદ કો ઈશારા કાફી" એ કહેવતને યથાર્થ પુરવાર કરે છે.

એક વખત, પૂ. ગુરૂદેવેશ વ્યાખ્યાન આપી રહ્યા હતાં અને એ વ્યાખ્યાનમાં વ્યસનત્યાગનો ઉપદેશ ચાલી રહ્યો હતો. પૂજ્યશ્રી ફરમાવી રહ્યાં હતાં કે, વ્યસનના ગુલામ ન બનો. વ્યસન વિકૃતિઓના દ્યોતક અને પ્રતીક છે. ચા, પાન, બીડી, સિગરેટ તમાકુ, દારૂ, જુગાર, વિ વ્યસનોની પરાધીનતા પર પૂજ્યપાદશ્રી વિવેચન કરી રહ્યા હતા. આ વિવેચના ચાલુ હતી અને તેઓશ્રીએ છીંકણી સૂંઘી, આ જોઈ એક વૃદ્ધાએ ટકોર કરી કે :

"ગુરુદેવ ! ક્ષમા કરજો પણ આપ પોતે છીંકણીના વ્યસનથી બદ્ધ છો અને વ્યસનત્યાગનો ઉપદેશ આપી રહ્યા છો. આ બન્ને વાતનો મેળ બેસતો નથી"

આ ટકોર સાંભળી સ્વ. ગુરુદેવેશે એ જ ઘડીથી છીંકણીનો ત્યાગ કરી, પ્રત્યક્ષ પ્રમાણ પૂરું પાડયું, કે જો કોઈ પણ જીવ, પોતાની આત્મશકિતથી નિર્ણય કરે તો ગમે તેવા વ્યસનો પર ક્ષણ માત્રમાં વિજય મેળવી શકે છે. આવી વિનમ્રતાપૂર્ણ ત્યાગવૃત્તિમાં તેઓશ્રીની ઉદાત્તતા સમાયેલી હતી જ્યારે આજે કોઈ કોઈને ટકોર કરે એ ગમતું જ નથી.

પૂજ્યશ્રીમાં અપરિગ્રહ વ્રતની આચરણા આદર્શ હતી. તેઓશ્રીએ આદર્શ અને આચરણાને એકરૂપ બનાવી દીધા હતા. પૂજ્યપાદ પોતાની 'ઉપધી' [સાધુને રોજની વાપરવાની કે ઉપયોગ કરવાના સાધન-સામગ્રી] એટલી સ્વલ્પ રાખતા હતા કે જેથી ખુદ ઉપાડી શકે. શિષ્ય તેમનો સામાન'–ઉપધી' ઉપાડે એ તેઓશ્રીને રુચતું ન હતું. એને પણ તેઓશ્રી પરાધીનતા કે પરાશ્રયીપણાનું પ્રતીક માનતા હતા.

પૂ. ગુરુદેવેશ આજે સ્વદેહે વિચરતા હોત તો ? આપણને સાચા રાહબરની – રાહબરીનું સૌભાગ્ય સાંપડત. આત્મસાધનાના માર્ગમાં આજે જે ક્ષતિઓ દૃષ્ટિગોચર થાય છે તે ન થાત. હવે શું ?

ભલે, ગુરુદેવેશ આજે હયાત નથી પણ તેઓશ્રીના જ્ઞાન અને ઉપદેશામૃતનું આબે-હયાત (સ્વર્ગ) તો અમર છે.

પૂ. ગુરુદેવેશના "આ આબે-હયાત"નું અમરત્વ પ્રાપ્ત કરવા આપણે જ્ઞાનયુકત આચરણાનો માર્ગ સ્વીકારવો પડશે.

આ માર્ગે સમાજનું, શ્રી સંઘના પ્રત્યેક અંગનું નવસર્જન થશે. આ નવસર્જન સ્વ. ગુરુદેવેશે કરેલા ક્રિયોદ્ધાર રૂપી સમાજના કાયાકલ્પને ક્રાંતિ અને કાંતિયુકત બનાવશે.

આ ક્રાંતિ અને કાંતિની સાધના-પરિતાપને પશ્ચાત્તાપની પ્રક્રિયામાં પૂજ્યપાદ પ્રભુ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ. ની સ્મૃતિ સૃજનતાની સાધક બનશે.

કાયરો અને ભીરુજનોની સ્મૃતિમાંથી શેષ એટલે કે બાદબાકી-માંથી વધેલ અવશેષ જ રહે છે. જ્યારે મહાપુરુષની સ્મૃતિ સર્જનકર્તા બને છે.

સ્વ. પૂજ્યપાદ તો મહાપુરુષોમાં પણ મહાયોગીરાજ હતા !

☆ ☆ ☆



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org